જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૯/૨૦૨૨   શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૦૪/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૯/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૭ | ૦ | ૧૪૭ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૭૦૦ | ૦ | ૧૦૦૭૦૦ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૮ | ૪,૮૫,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૨૦૧ લીટર દેશી દારૂ, ૭૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૮,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૬/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૭૦૭/૨૦૨૨**

**સરખેજઃ** હરેશભાઇ નાનજીભાઇ પેથાણી (રહે. પ્રકૃતિ હોમ્સ ક્લબ ઓ સેવનની બાજુમાં બોપલ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૯/૨૦૨૨ રાતના ૮/૦૦ થી તા.૨૨/૦૯/૨૦૨૨ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સરખેજ એસ.જી.હાઇવે સહજાનંદ એસ્ટેટ-૨ ખાતે ગોડાઉન નંબર-૨૫૬ માં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ગોડાઉનમાંથી એલ્યુમિનિયમ ફોઇલના રોલ કિમત રૂપિયા ૫,૨૪,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.પી.સોલંકી ચલાવે છે.

**ચાંદખેડાઃ** વસંતકુમાર વાલજીભાઇ સોલંકી (રહે. શ્યામ-સારથી બંગ્લોઝ, સારથી બંગ્લોઝની પાછળ, ગાંઠીયારથ, ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૯/૨૦૨૨ સવારના ૩/૪૫ વાગ્યાના સુમારે ૩૦ થી ૩૫ વર્ષના આશરાનો પુરૂષ વસંતકુમારના ઘરમા પ્રવેશ કરી, બેડરૂમમા મુકેલ તીજોરીમાંથી એક સોનાની વીંટી કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- તેમજ રોકડ રૂપિયા ૫૦૦૦/- ચોરી કરી નાસી ગયેલ તેમજ વસંતકુમારની પાડોશમા મકાન નંબર ૩૮ ના રૂમની બારીનો નકુચો તોડી, ઘરના કબાટમાંથી રોકડ રૂપિયા ૭૦૦/- તેમજ મકાન નંબર.૪૦ ના રસોડાની બારીના સળીયા કાઢી ઘરની તીજોરીમાંથી રોકડ રૂપિયા ૧,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧૭,૨૦૦/- મતાની ચોરી થઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.બી.પટેલ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૦૮/૨૦૨૨</u>**

**સાબરમતીઃ** ગીતાબહેન વા/ઓ મનુભાઈ દરજી (ઉ.વ.૫૮) (રહે.અક્ષરપાર્ક સોસાયટી ચેનપુર બસ સ્ટેશન સામે ન્યુ રાણીપ સાબરમતી) એ તા.૨૨/૦૯/૨૦૨૨ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૯/૨૦૨૨ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે સાબરમતી ન્યુ રાણીપ ઓમ ટાઉન ખાતે શટલ ઓટો રિક્ષામાં બેસી મુસાફરી કરી રહ્યા હતા દરમ્યાન ઓટો રીક્ષા ચાલકની મદદગારીથી ઓટોરીક્ષામાં બેઠેલ પુરૂષોએ ગીતાબહેન દરજીની નજર ચુકવી સોનાની બંગડી કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.પરમાર ચલાવે છે.

**દાણીલીમડાઃ** મુસ્તફાભાઇ જુજરભાઇ રંગવાલા (રહે. આરસી કોર્નર ગુજરાત કોલેજ પાસે એલીસબ્રીજ) એ તા.૨૨/૦૯/૨૦૨૨ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૯/૨૦૨૨ કલાક ૧૦/૩૦ થી ૧૧/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારોલ ચંડોળા રોડ પ્રીન્સ હોટલ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અજાણી વ્યક્તિ પર્સ ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- હતા. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી સોહાબખાન અજીજખાન ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૦૯/૨૦૨૨</u>**

**રિવરફ્રંટ વેસ્ટઃ** (૧) મોહમદઈદરીશ મોહમદઈલ્યાસ શેખ (ઉ.વ.૪૪) (રહે. નાનક દર્શન ફ્લેટ મિલ કંપાઉન્ડ શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૯/૨૦૨૨ કલાક ૧૧/૩૦ વાગ્યા પહેલા સાહિત્ય પરીષદ પાછળ રીવરફ્રન્ટ વોક-વે સીડી નંબર-૩૧ ઘાટ નંબર-૬ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઈલ્યાસમિયા મહંમાદમિયા ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** (૨) ક્રિષ્ના સ/ઓ દિનેશભાઈ વાઘેલા (ઉ.વ.૧૭) (રહે. ભારતીનગર એપાર્ટમેન્ટ અગ્રવાલ કંપાઉન્ડ સામે અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૯/૨૦૨૨ સાંજના ૫/૪૫ વાગ્યા પહેલા રીવરફ્રન્ટ જમાલપુર એલીસબ્રીજ નીચે વોક-વે નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઇ મનજીભાઇ ચલાવે છે.

**સાબરમતીઃ** સુહાન મુકેશભાઈ પરમાર (ઉ.વ.૧૮) (રહે. આશાદીપ સોસાયટી રો-હાઉસ કલોલ રેલ્વે સ્ટેશન પાછળ કલોલ ગાંધીનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૯/૨૦૨૨ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે સાબરમતી રેલ્વે ડાઉન લાઈન ખાતે ટ્રેઈન નીચે પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મનુભાઈ સવાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી